

# દીપાવલીનું આધ્યાત્મિક રહસ્ય

**જ્ઞાનામૃત**

**બ્રહ્માકુમાર અનિલ**

દીપાવલીનું પર્વ અનેક કથાઓ સાથે જોડાયેલું છે. આજ સુધી આપણે આ પર્વને ઊજવતા આવ્યા છીએ તેથી તે વિશે આપણે માહિતગાર પણ છીએ. અમાસની અંધારી રાતે જ્યારે તિમિરની કાલિમા સર્વત્ર પથરાઈ ગઈ હોય છે ત્યારે દીપકનું પ્રગટ થવું એ કેટલું આકર્ષક લાગે છે. દીપકનું પ્રગટવું એટલે વિષાદયુક્ત વદન ઉપર પ્રસન્નતાનું સ્મિત! ઉરનો આનંદ મુખારવિંદ પર ડોકિયાં કરે છે પરંતુ પરંપરાગત રીતે દીપકો પ્રગટાવીને અલ્પકાળની આનંદની અનુભૂતિ કરતાં માનવો જ્યારે દીપાવલીનું સાચું આધ્યાત્મિક રહસ્ય જાણે ત્યારે શાશ્વત આનંદાનુભૂતિ થાય છે.

ઘરઆંગણે તો દિવાળીના દીપક પ્રગટાવ્યા પરંતુ અજ્ઞાનની અંધકારમય અમાવસની રાત્રી તો ગઈ નહીં; દુકાનો, મકાનો, મેડા, મહોલ્લાની ભીંતો કાચાપાકા રંગથી રંગાઈ ગઈ પરંતુ સત્યતા, સ્વચ્છતા, પવિત્રતાના પ્રકાશનો રંગ મન પર ન લાગવાથી ઈશ્વરીય સત્ય પ્રેમના રંગમાં મન ન રંગાયું. મેવા, મિઠાઈ, ખાઈ-પીને અલ્પ સમય માટે મુખ મીઠું કર્યું પરંતુ જીવનમાં શ્રેષ્ઠ ગુણો કે જે નમ્રતા, સહનશીલતા, ધૈર્ય વગેરે ગુણો દ્વારા મન મીઠું ન થવાથી વિકારોની કડવાશ ગઈ નહીં. આભૂષણથી સુસજ્જિત થઈને દેહને અતિ આકર્ષક બનાવી દીધો પરંતુ દિવ્ય જ્ઞાનના સાચા શણગારો સજીને આત્માને શ્યામથી સુંદર ન બનાવ્યો. ખૂબ ફટાકડાઓ ફોડી મનોરંજન કર્યું પરંતુ જન્મ-જન્માંતરના બોજરૂપ રહેલાં પાપ-કર્મોના ફટાકડા ફોડવામાં વિલંબ કરી રહ્યા છીએ. અરે, દિવાળી મુબારક, સાલમુબારક! કહીને પરસ્પર શુભ વધાઈઓ આપી પરંતુ આત્મિક દીપકમાં પરમ પિતા પરમાત્મા શિવ દ્વારા મળેલ ગીતા જ્ઞાનરૂપી ધૃત ન નાંખવાથી દિવાળી મુબારકને બદલે દેવાળું મુબારક થઈ ગયું અને અંતે નવા વર્ષે જૂના વર્ષનાં ખાતાંઓ ચૂકતે કરવા છતાં જૂના અશુદ્ધ વિચારો, વિકલ્પો તથા વિકર્મોનાં ખાતાંઓ નવા વર્ષમાં ચાલુ જ રહ્યાં. આ બધું જોઈને વિચાર આવે છે કે આ તે કેવી દિવાળી?

પરમ પિતા શિવ પરમાત્માનું આ સૃષ્ટિ ઉપર આવવું અર્થાત્ તિમિરનાં પડળોને ભેદીને તેજ- રાશિનું પ્રકાશવું. પરમ પિતા શિવ પરમાત્મા માનવોને દેહ અને આત્માની ભિન્નતા સમજાવી, આત્માના યથાર્થ પરિચય દ્વારા આત્માની જ્યોતિ જગાવે છે એટલે દીપાવલીનો તહેવાર એ આત્મારૂપી દીપક પ્રગટાવવાનું યાદગાર પર્વ છે. જ્યારે આત્મિક સ્મૃતિનો દીપક જાગૃત થાય છે ત્યારે તેને ચૈતન્ય દીપક કહેવામાં આવે છે અને આ ચૈતન્ય દીપકોની યાદગાર જડ દીપકો રૂપે ઉજવાય છે. તેથી આત્માઓની દીપમાલા અવિનાશી, અમર જ્યોતિ સ્વરૂપની છે. તેથી ચૈતન્ય દીપમાલાના દીપકોનું કર્તવ્ય છે અજ્ઞાનરૂપી અંધકારમાં જ્ઞાનની રોશની કરવાનું. દિવાળી અમાસના અંધકારમાં આવે છે તે બ્રહ્માની રાત, વિષયવિકારોથી અંધકારમય બનેલી સૃષ્ટિનું સૂચન કરે છે.

દિવાળીના દિવસે વેપારીઓ પોતાના ચોપડાઓનાં ખાતાં જુએ છે. જૂનાં ખાતાં ચૂકતે કરી નવાં ખાતાંની શરૂઆત કરે છે. પરમ પિતા પરમાત્મા આના સંદર્ભમાં કહે છે કે આત્માઓએ પોતાનાં કર્મોનાં હિસાબકિતાબનાં ખાતાં ક્યાં સુધી સમાપ્ત કર્યાં છે તે જોવાનું છે. પરમાત્મા આપણી પાસે વ્યર્થ સંકલ્પોનાં, વિકર્મોનાં ખાતાં બંધ કરાવી દિવ્યતાનાં જમા ખાતાની અપેક્ષા રાખે છે.

દીપાવલી એટલે પ્રકાશનું પર્વ, દીપાવલીના ગરબાઓમાં એક મોટો દીપક પ્રગટાવવામાં આવે છે. તેની જ્યોતિથી બીજા દીપકો પ્રગટાવવામાં આવે છે. મોટો દીપક તે જ્યોતિબિન્દુ સ્વરૂપ પરમાત્માની યાદગારી છે. બાકીના દીપકો આત્માઓની યાદગારી છે. જેમની જ્યોતિ પરમાત્મા જગાડે છે એટલે આપણે જ્યોતિ બિંદુ સ્વરૂપ શિવ પરમાત્માનાં સંતાનો છીએ. જ્ઞાન સૂર્યનાં સંતાનો છીએ. જેમ સૂર્ય સ્વયં શક્તિશાળી હોવાને લીધે ચારે બાજુ પોતાની શક્તિથી પ્રકાશ ફેલાવે છે તે રીતે જ્ઞાનસૂર્ય બનીને પ્રકાશનાં કિરણો સમગ્ર સૃષ્ટિ ઉપર પાથરવાનાં છે. શુભ ભાવના, શ્રેષ્ઠ બનવાની કામનાઓનાં કિરણો ચારે બાજુ આત્માઓ પર વિશ્વકલ્યાણકારી બનીને ફેલાવવાનાં છે. દિવાળીના દિવસે એકબીજા સાથે લડાઈ ઝઘડાને કારણે મનમેળ ન હોય તો પણ લોકો મળે છે પણ હૃદયપરિવર્તન થતું નથી. આપણે કરુણાનાં શીતળ છાંટણાથી વિરોધી આત્માઓને પણ શીતળ બનાવી તેમનું હૃદયપરિવર્તન કરવાનું છે.

આત્મિક મિત્રો, આપણે સાચા અર્થમાં આત્મારૂપી દીપક પ્રજવલિત કરવાનો આધ્યાત્મિક રહસ્ય સમજીને સાચો દીપોત્સવ મનાવીએ. આત્મજ્યોત સાથે

> **આત્માઓએ પોતાનાં કર્મોનાં હિસાબકિતાબનાં ખાતાં ક્યાં સુધી સમાપ્ત કર્યાં છે તે જોવાનું છે. પરમાત્મા આપણી પાસે વ્યર્થ સંકલ્પોનાં, વિકર્મોનાં ખાતાં બંધ કરાવી દિવ્યતાના જમા ખાતાની અપેક્ષા રાખે છે. બહિર્મુખતાના વાયુમંડળને સમાપ્ત કરવાનું આ પર્વ છે**

આત્મજ્યોત જગાવવાની વર્તમાન સમયે તાતી જરૂર છે અને પરસ્પર પ્રેમની ગંગા વહેતી રહે એની પણ એટલી જ જરૂર છે.

જ્ઞાનસૂર્ય પરમાત્માના આપણે સૌ આત્મારૂપી દીપકો સંતાન છીએ. જીવનપથ પર જ્ઞાનપ્રકાશ પાથરીએ અને સુખ-શાંતિ, પ્રેમ અને પવિત્રતાનો અનુભવ કરીએ અને એવા પથ પર આપણા મિત્રસંબંધીઓને પણ સાથે ચાલવા પ્રેરણાસ્ત્રોત બનીએ એ જ દીપાવલીની હાર્દિક શુભભાવના અને શુભકામના.

---

# જ્ઞાનમય દીપાવલી

**જીવનની વચ્ચોવચ્ચ શ્રીમદ્ ભગવદ્ગીતા**

**સાધુ જ્ઞાનાનંદદાસ**

જિજ્ઞાસા અને જ્ઞાનની છણાવટ કરીને હવે પંદરમા અધ્યાયના અંતમાં શ્રીકૃષ્ણ ભગવાન આ સમગ્ર જ્ઞાનને ગૂઢ જ્ઞાન કહીને ઉપસંહાર કરી રહ્યા છે.

અહીં ગીતા આ ગ્રંથના ઉપદેશને ગુહ્ય શાસ્ત્ર કહીને એને જાણનારાને યથાર્થ જ્ઞાની અને પૂર્ણ કામ કહે છે. હા, ભક્તિ, કર્મ, જ્ઞાન અને યોગને પોતાનામાં સમાવિષ્ટ કરતું આ શાસ્ત્ર ખરેખર ગૂઢ છે પરંતુ ગીતાનો હેતુ આ ગૂઢ જ્ઞાન આપણા જીવન અંધકારને દૂર કરવાનો છે. માનવજીવનના પ્રત્યેક કદમ પર ગીતાનો પ્રકાશ રેલાય તો આ ઉપદેશ સાર્થક કહેવાય.

અત્યારે દિવાળીનું પર્વ આવી રહ્યું છે. જેમ ગીતા આપણને અવિદ્યા (અજ્ઞાન) દૂર કરીને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવાનું કહે છે તેમ આ દિવાળીનો ઉત્સવ આપણને આધ્યાત્મિક માર્ગ પર આગળ વધવા માટે પ્રેરણા આપે એવી રીતે ઉજવવો જોઈએ.

કવિ કાલિદાસના મતે ઉત્સવપ્રિયાઃ ખલુ માનવાઃ! માનવ ઉત્સવપ્રિય છે. ઉત્સવની હારમાળાથી ભારતીય સંસ્કૃતિ સુશોભિત છે. ભારતનો મુખ્ય તહેવાર દિવાળી આસો વદ અમાસને દિવસે આનંદ, ઉમંગ અને ધામધૂમથી ઉજવાય છે. આ ઉત્સવના આગમનની તૈયારીઓ ઘણા દિવસો પહેલાંથી પ્રારંભ

> **આ વર્ષે બહારની સફાઈ સાથે અંતરને પણ ચકચકાટ કરી નાખીએ. ચાલો આ વર્ષે જૂના અણબનાવો ભૂલી જઈએ, ભૂતકાળની સંબંધોની ગૂંચો ઉકેલી નાખીએ**

થઈ જાય છે. ઘર, દુકાન ઓફિસ, શેરીની સાફસૂફી થવા લાગે છે. આસોપાલવનાં તોરણ, ફૂલોના હાર ને રંગોળીની સજાવટ અને ત્યાર પછી અમાસની કાળી રાત્રી આનંદ ને ઉમંગની દીપમાળાની રોશનીથી અજવાળી બની જાય છે.

દિવાળી આવી... ચાલો ને આ વર્ષે બહારની સફાઈ સાથે અંતરને પણ ચકચકાટ કરી નાખીએ. The most important house is to clean is yourself your own house which we never do. ચાલો આ વર્ષે જૂના અણબનાવો ભૂલી જઈએ, ભૂતકાળની સંબંધોની ગૂંચો ઉકેલી નાખીએ.



હૃદયના અંતરો કાપી નાખીએ.

વાત છે એક પીડિત મહિલાની... ઘૂંટણનો ભયંકર દુખાવો સહન કરતી આ મહિલા અનેક ડૉક્ટરો અને સ્પેશ્યાલિસ્ટના દરવાજા ખખડાવી ચૂકી હતી. કોઈ મનોચિકિત્સકે આ બહેનને એક વિચિત્ર પ્રશ્ન પૂછ્યો કે ‘‘બહેન તમારે કોઈ સાથે અણબનાવ છે?’’ ત્યારે તે મહિલાએ પોતાના સગા ભાઈ સાથે પ્રોપર્ટી બાબતના સંઘર્ષના અણબનાવની રજૂઆત કરી. પાંચ વર્ષથી ચાલતાં આ સંઘર્ષથી બહેનભાઈના સંબંધના તાંતણા ગૂંચવાઈ ગયા હતા. મનોચિકિત્સકની ટ્રીટમેન્ટ રૂપે તે બહેને પોતાના ભાઈના પરિવારને ભોજન માટે આમંત્રિત કર્યા. ધીરે ધીરે પ્રેમના સંબંધ સ્થપાઈ ગયા. મહિલાની ઘૂંટણની પીડા ઓછી થઈ ગઈ. મનમાં સ્ફૂર્તિ આવી તો દેહમાં પણ સ્ફૂર્તિ આવી ગઈ. ચાલો ને આ દિવાળીએ આપણે પણ આપણી આવી કોઈક ગૂંચ ઉકેલી અંતરની સફાઈ કરી નાખીએ. ચાલો, આપણે આપણા અંતરમાં એક વિશિષ્ટ રંગોળી પૂર્ણ કરીએ. અન્યના ગુણોરૂપી રંગોથી એક નવીન ભાત પાડીએ. બીજાના ગુણ જોવાથી સ્વયંને પણ લાભ થાય છે. વાત છે એક પુત્રવધૂની. સાસુની રોકટોકથી કંટાળેલી પુત્રવધૂએ જ્યારે એક મહાત્માનું શરણ લીધું ત્યારે તે મહાત્માએ તેને સોનેરી સલાહ આપી. ‘‘બહેન, તમે તમારાં સાસુનો એક ગુણ રોજ ડાયરીમાં લખો.’’ નિત્ય ગુણ લખતાં લખતાં પુત્રવધૂને પોતાની સાસુ પ્રત્યે સકારાત્મક ભાવના જાગી. માતા અને પત્ની વચ્ચે પીસાતા પતિના અંતરમાં શાંતિ થઈ ગઈ. પરિવારમાં સ્નેહની રંગોળી પુરાઈ ગઈ. શુભલાભનાં તોરણો સાથે અંતરમાં પણ અન્યના ગુણ ધરીને શુભ બનાવીએ. ગુણ ગ્રાહક દૃષ્ટિથી પરિવારમાં સંપ ને સુહૃદભાવનાં તોરણો આપમેળે બંધાવા લાગશે. Healthy relationships are built on trust, respect, communication and compromise.

તો ચાલો, આ દિવાળીએ..... આપણે પ્રભુ પ્રત્યે ભક્તિ અને શ્રદ્ધાના દીપ પ્રગટાવી પરમાનંદની રોશનીથી અંતર ભરી દઈએ. અમાસની કાળી રાત જેવો આ માયાનો અંધકાર છે તેથી પ્રભુને પ્રાર્થના કરીએ કે ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા... પરમાત્મા અને સાચા ગુરુના શરણે જવાથી શું ન થાય? હૃદયના ચોપડે પાપપુણ્યના, કર્મના લેખાજોખા કરતો વાલિયો નારદજીના શરણે ગયો... ઈતિહાસ સાક્ષી છે અંતરમાં અજવાળું થઈ ગયું. આમ કેટલાક કથીરમાંથી કુંદન થયેલા લોકોમાં જીવન જીવંત થાય છે, સાચી શરણાગતિથી! હા, ભગવાન સ્વામીનારાયણ સ્વયં રચિત શાસ્ત્ર વચનામૃતમાં કહે છે કે જ્યારે જ્યારે આ જીવને ભરત ખંડમાં જન્મ મળે છે ત્યારે ભગવાન અને સંત પૃથ્વી પર જરૂર વિચરતા હોય છે. એમની ઓળખાણ થવી જોઈએ, તો તે ભક્ત કહેવાય.

ચાલો, આપણે પણ ભગવાનના અખંડધારક સંતને શોધી, એમનું શરણું લઈને આ દિવાળીએ અંતરમાં ભક્તિના દીપ પ્રગટાવીએ...ભગવાન અને સાચા સંતને આશરે જઈ હૃદયનો ચોપડો તેમને સોંપી દઈને એક વિશિષ્ટ પૂજન કરીને અંતરમાં અજવાળું કરી દઈએ.